ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/59706/૨૦૨૬-૨૭ તા.૨૯-૦૯-૨૦૨૬

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: વિકસતી જાતિની શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ની પોસ્ટ મેટ્રિકની તમામ યોજનાઓની શિષ્યવૃતિની પડતર અરજીઓને જિલ્લા કક્ષાએ મોકલી આપવા બાબત.

સંદર્ભ: જિલ્લા નાયબ નિયામકની કચેરી (જા.વિ), ગ્રાઉન્ડ ફ્લોર પૂજ્ય રવિશંકર મહારાજ, સરકારી કુમાર છાત્રાલય (જા.વિ), તરસાલી, શ્રી પૃષ્ટી પ્રાથમિક શાળાની બાજુમાં ધનીયાવી ચોકડી નજીક, તરસાલી બાયપાસ, વડોદરા તા.૨૮-૦૯-૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક: જિનાની/વિજા/મકમ/૨૦૨૬-૨૭/૧૩૩૮ ઈ-મેઈલ દ્વારા મળ્યા તા.૨૯-૦૯-૨૦૨૬.

માનનીય સાહેબ શ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે આ સાથે સામેલ પરિપત્ર વંચાણે લઈ સમયમર્યાદામાં સત્વરે ઘટતી કાર્યવાહી કરી વિદ્યાર્થીઓને જાણ કરવા તથા શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ તથા ૨૦૨૬-૨૭ની પડતર કામગીરી પરિપત્ર અનુસાર પૂર્ણ કરવા વિનંતી.

આભાર સહ,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ:- ઉપર મુજબ

Scanned with OKEN Scanner

જિલ્લા નાયબ નિયામક ની કચેરી(.જા.વિ),

ગ્રાઉન્ડ ફ્લોર પૂજ્ય રવિશંકર મહારાજ, સરકારી કુમાર છાત્રાલય (.જા.વિ), તરસાલી,
શ્રી પૃષ્ટી પ્રાથમિક શાળાની બાજુમાં, ધનીયાવી ચોકડી નજીક,
તરસાલી બાયપાસ, વડોદરા,

ફોન નં .૨૪૨૬૬૨૨ કાર્ડેક્ષ નં-૦૨૬૫.૧૪ ઈ-મેલ-dydir-ddcw-vad@gujarat.gov.in

જિનાની/વિજા/મકમ/૨૦૨૬-૨૭/૨૩૩૮ તા.૨૮-૦૯-૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી તમામ શાળા/કોલેજ/સંસ્થા .....
જિ.વડોદરા.

વિષય:-વિકસતી જાતિની વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રિ.મેટ્રીક/ પોસ્ટ મેટ્રીકની તમામ યોજનાઓની શિષ્યવૃત્તિની પડતર અરજીઓને જિલ્લા કક્ષાએ મોકલી આપવા બાબત.

સંદર્ભ:- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના પત્રનં. DDCW/EDU/e-file/225/2026/1666/ K-Branch-Education-Mino Date:- 24-09-2026.

ઉપરોકત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, માન. હર્ષદ આર.પટેલ, માન. સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુ.રા. ગાંધીનગરના પત્રથી આપવામા આવેલ સુચના મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દર અઠવાડિએ VC ના માધ્યમથી પ્રિ.મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ માટે રીવ્યુ બેઠક યોજવામાં આવે છે. શાળાઓમાં શૈક્ષણિક સત્ર જુન-૨૦૨૬ થી શરૂ થયેલ છે જેને ધ્યાને લઈને સપ્ટેમ્બર - ૨૦૨૬ અંતિત પાત્રતા ધરાવતા પ્રિ.મેટ્રીક/પોસ્ટ મેટ્રીક યોજનાઓના તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનું ચુકવણ કરવા સુચના આપેલ હતી. પરંતુ તા.૧૪-૦૯-૨૦૨૬ની સ્થિતિએ અત્રેના જિલ્લામાં બાલવાટીકાથી ધો.૧૦ના વિદ્યાર્થીઓની શાળા મારફત શિષ્યવૃત્તિ દરખાસ્ત મેળવવાની બાકી છે. તેમજ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ અંતર્ગત શિષ્યવૃત્તિ દરખાસ્ત મેળવવાની બાકી છે. સમગ્ર પ્રકિયા સપ્ટેમ્બર માસમાં પૂર્ણ કરવામાં આવે તો જ સરકારશ્રીની વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજનાઓનો હાર્દ જળવાય. આથી, વિકસતી જાતિ (બક્ષીપંચ)ની DIGITAL GUJARAT પોર્ટલ પરની પ્રિ.મેટ્રીક/ ધો.૧૧-૧૨થી કોલેજ કક્ષા સુધીની પોસ્ટમેટ્રીકની તમામ યોજનાઓની અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા લેવલે પડતર છે. આ પડતર અરજીઓ નિયમોનુસાર મંજુર કરી વિદ્યાર્થીની હાર્ડ કોપી જમા કરાવવા માટે આગ્રહ રાખ્યા વિના 30 સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં મોકલી આપવાની રહેશે.

ડિજીટલ ગુજરાત પોર્ટલ પર રોજેરોજ લોગીન કરી તમામ વર્ષની પેન્ડીંગ અરજીઓનો નિકાલ કરવા વિનંતી છે. જો વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તેની જવાબદારી જે તે શાળા/કોલેજ/આચાર્યશ્રીની રહેશે.

શિષ્યવૃત્તિ બાબતે જો કોઇ ટેકનીકલ ઇસ્યુ હોઇ તો અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇડી dydir-ddcw-vad@gujarat.gov.in પર તેમજ રૂબરૂ લેખિતમાં અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) વડોદરા

Scanned with OKEN Scanner

નિયામક, વિકસતી

નકલ સવિનય રવાના:-

૧.માન.જિલ્લા કલેકટરશ્રી, નવી કલેકટર કચેરી વડોદરા

૨.માન.નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા, ગાંધીનગર.

નકલ રવાના:

૧.રજિસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારુ.

૨.રજિસ્ટ્રારશ્રી, પારુલ યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારુ.

૩.કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા જિ.પંચમહાલ આપના હસ્તકની તમામ કોલેજને જાણ કરવા સારુ.

૪.રજિસ્ટ્રારશ્રી, સુમનદીપ યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારુ.

૫.રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારુ.

૬. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજોને સુચનાઆપવા સારુ.

૭. રજિસ્ટ્રારશ્રી, ડૉ.કીરણ અને પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી,વરણામા વડોદરા

૮.કુલસચિવશ્રી, નવરચના યુનિવર્સિટી વડોદરા

૯.રજિસ્ટ્રારશ્રી, સિગ્મા યુનિવર્સીટી વડોદરા સંબંધિત તમામ કોલેજોને સુચના આપવા સારુ.

૧૦.નાયબ નિયામકશ્રી તાલીમ(પ્રાદેશિક કચેરી) વડોદરા તરફ જાણ તથા આપના હસ્તકની આઇ.ટી.આઇ સંસ્થાને જાણ કરવા સારુ.

૧૧.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સુચના આપવા તથા આપની વેબ સાઇટમાં ઓનલાઇન મુકવા સારુ.

Scanned with OKEN Scanner

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં-૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં.- ૦૭૯-૨૩૨૫૩૨૬૫,
Email:- dire-dcw@gujarat.gov.in

પરીપત્ર

વિષય:- વર્ષ:૨૦૨૬-૨૭ વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર / ભારત સરકારશ્રીની જુદી- જુદી યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુથી રાજય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જુદી જુદી રાજય સરકાર/ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટેના ઓનલાઇન ફોર્મ ભરવા ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૦૬/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ સુધી ઓપન કરવામાં આવેલ છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓની અરજી જિલ્લા કક્ષાએ સંબધિત શાળા/કોલેજ/સંસ્થાઓ પાસેથી મેળવવાની બાકી છે. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવવા સરકારશ્રીની સુચના હોઇ નીચે મુજબની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીએ કરેલ ઓનલાઇન અરજીના આધારે વિદ્યાર્થી જે તે સંબધિત શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરે છે કે નહિ એ બાબતે ખાત્રી કર્યા બાદ ઓનલાઇન અરજી સાથે અપલોડ કરેલ દસ્તાવેજોના આધારે (વિદ્યાર્થીની હાર્ડ કોપી જમા કરાવવા માટે આગ્રહ રાખ્યા વિના) સંબધિત આચાર્યશ્રીએ ચકાસણી કરીને અરજી જિલ્લા કક્ષાએ મોકલી આપવા સુચના આપવા જણાવવામા આવે છે. જેથી જિલ્લા કક્ષાએ ઝડપથી અરજીઓ મેળવીને પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવી શકાય.

1. PM -YASASVI Post Matric Scholarship for OBC, EBC and DNT Students (GOI)
2. BCK-78 Post Matric Scholarship (SEBC & NTDNT) (GOG)
3. BCK-80 Instrumental Assistance for Medical, Engineering, Diploma students (SEBC) (GOG)
4. BCK-79 Food Bill Assistance for Medical, Engineering Students (SEBC) (GOG)
5. DNT-2 Food Bill Assistance for Medical, Engineering Students (NTDNT) (GOG)
6. BCK-81C Scholarship for students studying Dr. Ambedkar and Indira Gandhi Open University (SEBC) (GOG)
7. BCK-83 Swami Vivekananda Scheme for Technical and Vocational Courses (SEBC) (GOG)
8. BCK-83 Swami Vivekananda Scheme for Technical and Vocational Courses (EBC) (GOG)
9. BCK-83 Swami Vivekananda Scheme for Technical and Vocational Courses (Minorities) GOG)
10. BCK-139 Swami Vivekananda Scheme for Technical and Vocational Courses (NTDNT) (GOG)

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ,વડોદરા.
ઇનવર્ડ નંબર...1302.....
તારીખ :... 28/9/26.....

Signature Not Verified
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Developing Caste Welfare
Date : 2026.09.24 13:29:46 IST

File No: DDCW/EDU/e-file/225/2026/1666/K-Branch-Education-Min
Approved By: Director,DDCW

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner

હર્ષદ આર. પટેલ, આઈ.એ.એસ
સચિવ

પ્રતિ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર
પ/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ના.

સ્નેહીશ્રી,

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પ્રિ-મેટ્રિક તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓના વિદ્યાર્થીઓને લાભ બેંક ખાતામાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.) થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓ મારફતે વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓની કામગીરી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દર અઠવાડિયે VC ના માધ્યમથી પ્રિ-મેટ્રિક તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ માટે રિવ્યુ બેઠક યોજવામા આવે છે. જેમા દરેક બેઠકમાં જિલ્લા અધિકારીશ્રીઓને લક્ષ્યાંક મુજબની અરજીઓ મેળવીને કામગીરી પુર્ણ કરવા સુચના આપવામા આવે છે. શાળાઓમાં શૈક્ષણિક સત્ર જુન-૨૬ થી શરૂ થયેલ છે જેને ધ્યાને લઇને સપ્ટેમ્બર-૨૬ અંતિત પાત્રતા ધરાવતા પ્રિ-મેટ્રીક યોજનાઓના તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનુ ચુકવણ કરવા અત્રેના હસ્તકના તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સુચના આપેલ છે. પંરતુ તા.૧૪/૦૯/૨૦૨૬ ની સ્થિતિએ આપના જિલ્લામાં બાલવાટીકાથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓની આ સાથે સામેલ પત્રકો મુજબની દરખાસ્ત જિલ્લા કક્ષાએ સંબધિત શાળાઓ પાસેથી મેળવવાની બાકી છે. તેમજ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓ અંતર્ગત આ સાથે સામેલ પત્રકો મુજબની વિદ્યાર્થીઓની અરજી જિલ્લા કક્ષાએ સંબધિત શાળા/કોલેજ/સંસ્થાઓ પાસેથી મેળવવાની બાકી છે.

ઉકત સમગ્ર પ્રકિયા સપ્ટેમ્બર માસમાં પુર્ણ કરવામા આવે તો જ સરકારશ્રીની વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ યોજનાઓનો હાર્દ જળવાય. આથી, આપના તાબાના અધિકારીશ્રીઓને જરુરી સુચના આપી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળી રહે તે માટે શાળાના આચાર્યશ્રીઓ મારફતે શિષ્યવૃત્તિની બાકીની તમામ દરખાસ્તો ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં મોકલાઇ જાય તે જોવા મારી આપશ્રીને આગ્રહભરી વિનંતી છે.

DEO
કુશળ હશો

Sanitation Officer ના
Gandhinagar, Rural-Taluka
Jurisdiction

આપનો સ્નેહાધીન,

(હર્ષદકુમાર પટેલ)

પ્રતિ,
તમામ કલેકટરશ્રી

બ્લોક નં. પ/૯, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : (ઓફિસ) ૦૭૯-૨૩૨ ૫૧૨૦૩, ફેક્સ : ૨૩૨-૫૪૮૧૭, ઈમેઈલ : secswd@gujarat.gov.in

Scanned with OKEN Scanner